# ગઝલ

## –સ્નેહી પરમાર

### .1.

વાત અસલ, કાગળમાં આવે,
શબ્દો ત્યાં તો વચમાં આવે.

એનાથી મોટો કયો વૈભવ?
તડકો સીધો ઘરમાં આવે !

ભીતર ભીનું સંકેલો ત્યાં,
આંખોમાંથી પડમાં આવે.

સાર બધા ગ્રંથોનો એક જ,
પાથરીએ તે પગમાં આવે.

તો માથે મુકીને નાચું,
ઘટ-ઘટમાં તે ઘટમાં આવે.

પકડ્યો છે પડછાયો સાધો !
અજવાળું શું બથમાં આવે.

### .2.

તો જ થશે બસ, ઝાંખી સંતો,
દુર હટે બારાતી, સંતો.

ભોમ નથી ખેડાતી, સંતો,
ચાલે કાયમ સાંતી, સંતો.

સમજણમાં ન આવી સ્હેજે,
ઉલટ-સુલટની બાજી, સંતો.

ચાલે છે તે માત્ર પથીક છે,
અટકે તે અભ્યાસી, સંતો.

ભરચક બેઠા ખુણે જઈ ને,
ખખડે છે તે ખાલી, સંતો.

જન્મારાની ગુંચ ઉકેલી,
પાડી દેજો પાંથી, સંતો.

**.3.**

ચામડીને ચંદ્રમુખી કહી અને ફુલવી શકો,
ચામડીની જાત પુછી લો અને મુંઝવી શકો.

લો કહો, આ ચામડી વસ્ત્રો નથી તો બીજું શું?
ચામડી પહેરી શકો, ધોઈ શકો, સુકવી શકો.

કોઈ ને પણ ના ખબર એના અસલ નીર્માણની,
તે છતાં પણ ચામડીનો જન્મદી' ઉજવી શકો.

ચામડીમાં ચામડીનું બીંબ આબેહુબ મળે,
એ રીતે ઉટકો તમે જો એ રીતે ઉટકી શકો.

ચામડીની સાત પેઢીમાં નથી કોઈ ભણ્યું,
તે છતાં એવી લખે હુંડી તમે ચુકવી શકો.

એક ટચલી આંગળીએ ઉંચકો પર્વત કદી,

એક દી' એવું બને, ના ચામડી ઉંચકી શકો.

**.4.**

રમણાઓ રસઘેલી લઈને ઉડવાનું છે,
માથે મધની થેલી, લઈને ઉડવાનું છે.

આળી આળી પાંખો ને ખરબચડું નભ છે,
ઉડવાની મુશ્કેલી લઈને ઉડવાનું છે.

રજકણ, ધુમ્મસ બાદ હવે છે સાતમો કોઠો,
ઝરમર ઝરમર હેલી લઈને ઉડવાનું છે.

ઉડવું તો છે હળવા ફુલ થાવાની ઘટના,
જંગ એ કપરો ખેલી લઈને, ઉડવાનું છે.

'સ્નેહી' આનંદથી રહેજો કહી ચાલ્યા અહીંથી,
મારે પાંખ સંકેલી લઈને ઉડવાનું છે.

**.5.**

કાયમ થાતું સાવ નકામાં ખાલે વળગ્યાં ખોલાં છે,
ઠેશું વાગી તો સમજાણું, નખ તો બહુ અણમોલા છે.

મારા ઘરમાં આવી ગયા છે તો પણ થરથર કાંપે છે,
મારા પગ છે કે બીલ્લીના મુખથી છટક્યા હોલા છે?

સુતેલા માલીકની પાસે જઈ લારીએ પુછ્યું 'તું,
ગાલ ઉપર આ શું ઢોળાણું? આ શેના હડદોલા છે ?

એને લીધે થોડાં ઓછાં પાપ થયાં છે સાંજ લગી,
સારું છે કે પગના તળીયાં વચ્ચે થોડાં પોલાં છે.

આ સામે એક વૃક્ષ ઉભું છે તેને થોડા પડવાના ?
પગ પામ્યા છો, વહન મળ્યું છે તેથી આ ફરફોલા છે.

**.6.**

ના જ્ઞાનપીઠની છે, ના ઓસ્કારની છે,
મારી કલા અધુરાના ઓડકારની છે.

પથ્થર છું, સ્હેજ ચોખ્ખું થાવાની છે તમન્ના,
ના શાલીગ્રામની છે, ના ગંગધારની છે.

'શબરી' લખું તો ફોગટમાં નેજવાં ન કરજો,
મારી નજર બીજાથી નોખા પ્રકારની છે.

ઈચ્છાનું પેટ, તો પણ ખેતરથી કેમ મોટું ?
આ જીવની જરુરત મુઠ્ઠી જુવારની છે.

એને મલમ લગાવે એવી કલમ બતાવો,
મારી નજરની સામે ભઠ્ઠી લુહારની છે.

**.7.**

થર થર થાતી કુંપળ પર અટકેલું પાણી પીધું છે,
હું બડભાગી છું મેં પહેલું-વહેલું પાણી પીધું છે.

હું કહું છું કે હમણાં હમણાં યાદ નથી રહેતું કંઈ પણ,
લોકો કહે છે કે મેં તારું એઠું પાણી પીધું છે.

તોય પથારીવશ છે, ના જાણે એને શું થઈ ગ્યું છે !
જે આંખોએ બચપણથી નવશેકું પાણી પીધું છે.

મોતી પાકે તે આશે, તળ છોડી દે તે બીજા હો,
તળીયે આવી પાએ એવા મે'નું પાણી પીધું છે.

કેવી રીતે નોખા પડીએ હું ને મારી પ્યાસ, કહો !
એક જ ખોબામાંથી ભેગું ભેગું પાણી પીધું છે.

પાણી પરની ગઝલ સુણીને તમને એવો પ્રશ્ન થયો ?
ક્યાંનું પાણી પીધું 'સ્નેહી' ? કેવું પાણી પીધું છે !

## .8.

લોક રાખે છે શેષ મંદીરમાં,
મેંય રાખી છે ઠેશ મંદીરમાં.

હોય ગુંબજ થવાની ઈચ્છા તો,
પામશો ના પ્રવેશ મંદીરમાં.

દુધ બાળક કનેથી છીનવીને,
ગણ ઉમટ્યો ગણેશમંદીરમાં.

હોય નકશા–નીશાન નક્કી તો,
ઉઘડે છે વીદેશ મંદીરમાં.

સારું–નરસું સમજની બાબત છે,
જ્યોત ઝળકે છે મેશ મંદીરમાં.

## .9.

જેમણે તકતીઓ ચોડી હોય છે,
એમણે ભીંતોય તોડી હોય છે.

જેમણે ઈચ્છાઓ છોડી હોય છે,
એમની હાલત કફોડી હોય છે.

ભીંતને પણ કાન હો તો શું થયું?
ભીંતને કંઈ જીભ થોડી હોય છે ?

દર્પણો ખામી બતાવી ના શકે,
જેમની પાસે હથોડી હોય છે.

એનો પડછાયો સમષ્ટીમાં પડે,
જે ધજા ભીતરમાં ખોડી હોય છે ....

## .10.

એકના બે ન થાય એવાં છે,
તોય મોહી પડાય એવાં છે.

હાથ ઝાલે તો એના આધારે,
ઉંચે ઉડી શકાય એવાં છે.

ખુબ ટુંકો પનો છે ચાદરનો,
એય એમાં સમાય એવાં છે.

એની સાથેના અણબનાવો પણ,

એક તોરણ ગુંથાય એવા છે.

માર્ગ કેવા છે એની ઝુલ્ફોના,

હાથ સોનાના થાય એવાં છે.

**.11.**

ઉઠી લોબાનની ખુશ્બુ, શરુ થયા જાપ મારામાં,
મુકીને સાથીયા પર પગ, પધાર્યાં આપ, મારામાં.

તમે થડકારવશ, થીરકાટવશ; હળવે રહી અડક્યા,
છનન છન છન, ત તા થઈ થઈ; થયો આલાપ મારામાં.

તમે ચાલ્યા જવાની વાતના બહુ ઢોલ પીટો મા,
તમે આવ્યા હતા સાજન, બહુ ચુપચાપ મારામાં.

તમે જાઓ અગર બેસો, હવે ના ફેર પડવાનો,
તમે છો દેહથી સામે ને આપોઆપ મારામાં.

હજારો જન્મની ખારાશ સાથે ઘુઘવ્યો, તુટ્યો,
હવે તું પણ કશું શીવલીંગ જેવું સ્થાપ મારામાં.

સ્નેહી પરમાર

કવીસંપર્ક : સ્નેહી પરમાર, ગોકુલ ધામ, બગસરા –365 440 જીલ્લો : અમરેલી મોબાઈલ : 94272 83381

eMail : parmarsnehi@gmail.com

પ્રથમ ગઝલસંગ્રહ : 'પીડા પર્યંત'–2004

(પ્રકાશક : મોહનભાઈ ડાહ્યાભાઈ લોકકલ્યાણ ટ્રસ્ટ, રફાળા. હસ્તે : સવજીભાઈ વેકરીયા

પ્રાપ્તીસ્થાન : સ્નેહી પરમાર, ગોકુલ ધામ, બગસરા–365 440 જીલ્લો : અમરેલી કીમ્મત રૂ. 100

આગામી પુસ્તક : 'યદા તદા ગઝલ'

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 328 – August 09, 2015

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી. સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

More than 3,15,28,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 48,02,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,79,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,86,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@